ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૬૫/૧૯-૨૦/ 150 તારીખ : 16 JAN 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે. દુર્ગા મીકેનીક વર્કસ,**
અલંકાર સિનેમા રોડ,
સુરેન્દ્રનગર – ૩૬૩ ૦૦૨.
**મો.નં. ૯૯૨૪૧ ૨૮૫૮૦.**

કેસ નં.૬૫/૧૯-૨૦

**વિષય : વીજમીટર બંધ હોવા છતાં વીજ યુનિટનું બીલ આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૦/૦૯/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૫/૧૯-૨૦/૩૮૭૧ તા.૦૧/૧૦/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૫/૧૯-૨૦/૪૩૬૫ તા.૧૪/૧૧/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૫/૧૯-૨૦/૪૮૭૯ તા.૦૪/૧૨/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૯/૧૧/૧૯ તથા તા.૧૭/૧૨/૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર શહેર-૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૬૫/૧૯–૨૦** ☜

વાદી :– મે. દુર્ગા મીકેનીક વર્કસ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૧૯.૧૧.૧૯ તથા ૧૭.૧૨.૧૯** ◈

હાજર રહયા :– શ્રી ચેતનભાઈ કિશોરભાઈ મકવાણા – ( મે. દુર્ગા મીકેનીક વર્કસનાં પ્રોપરાઈટરના પુત્ર)

પ્રતિવાદી :– (૧) શ્રી એચ. પી. રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(૨) શ્રીમતિ જે. આર. રત્નુ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે. દુર્ગા મીકેનીક વર્કસ, મુ.સુરેન્દ્રનગર, તા.જી.સુરેન્દ્રનગરની વીજમીટર બંધ હોવા છતાં વીજ યુનિટનું બીલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૫/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૬૫/૧૯–૨૦/૩૮૭૧ તા.૦૧.૧૦.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૯.૧૧.૧૯ તથા તા.૧૭.૧૨.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી મે. દુર્ગા મીકેનીક વર્કસનાં પ્રોપરાઈટરના પુત્ર શ્રી ચેતનભાઈ કિશોરભાઈ મકવાણા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે(૧) શ્રી એચ. પી. રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર તથા (૨) શ્રીમતિ જે. આર. રત્નુ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો દુર્ગા મીકેનીક વર્કસ, ઘનશ્યામ એન્જી. પાછળ, વઢવાણ–દુધરેજ, સુરેન્દ્રનગર ખાતે જોબવર્ક કામ કરતાં હતાં. ધંધામાં મંદી હોવાથી અમો દવારા ઉપરોકત સરનામાવાળું યનીટ નવે–૧૭ થી બંધ કરેલ છે અને અમો દવારા પીજીવીસીએલ માં અમારૂ યુનીટ બંધ રહે છે અને ઝીરો યુનીટનું બીલ આપવું એવી એક અરજી તા.૧૨.૦૩.૧૮ ના રોજ આપેલ અને તેની નકલ આ સાથે સામેલ કરીએ છીએ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૨ અમોએ તા.૦૮.૦૪.૧૯ ના રોજ અમારૂ વીજ કનેકશન કાયમી ધોરણે બંધ કરવાની અરજી આપેલ છે. જે વીજ કનેકશન રદ કરેલ છે.પણ અમોને અમારૂ યુનીટ બંધ હોવા છતાં પણ અમોને વીજયુનીટનું લોક બીલ આપવામાં આવેલ છે. અમોને આપેલ બીલ સીટી–૨ માં આપેલ છે. આ સાથે જુના બીલો તથા ૧૮.૦૯.૧૯ ના રોજ સીટી–૨ માંથી કઢાવેલ બીલની કોપી તથા મારા પુત્રનો આઈ.ડી. પ્રુફ રજુ કરેલ છે.

૧.૩ મારી તબીયત બરાબર ન હોવાથી આ બીલ પીજીવીસીએલ દવારા બંધ યુનીટમાં આપેલ છેં અમને માન્ય નથી માટે આપ મહેરબાન સાહેબ દવારા અમોને યોગ્ય ન્યાય મળે તેવી આશા છે. અમો તમારા વર્ષો જુના જી.ઈ.બી.ની સ્થાપના પહેલાના કસ્ટમર છીએ. અમોએ પીજીવીસીએલમાંથી કઢાવેલ માહીતી આ પ્રમાણે છે.

ઓગ–૧૮ સુધીના રૂપિયા ભરેલા છે.
ઓગ–૧૮ પછી દર મહીને રૂા.૯૭૦/– બીલ આવે.
તા.૨૪.૧૦.૧૮ રૂા.૧૩૪૧ ભરેલા છે.
ઓકટો–૧૮ સુધીનું કલીયર છે.
યુનીટ–૪૫૫૨ રૂા.૨૪૯૧૯.૬૧
રૂા. ૪૨૧૨૮.૦૩ ભરવાના થાય છે.

૧.૪ માનનીય સાહેબશ્રીને નમ્ર વિનંતી અપીલ અરજ છે કે અમો અમારૂ યુનીટ બંધ હોવાથી બંધ યુનીટમાં અમોને પીજીવીસીએલ દવારા બંધ યુનીટમનાં આટલો બધો વીજ યુનીટનું બીલ આપેલ છે, તે બાબતે અમોને યોગ્ય ન્યાય આપવા આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ પ્રભાવતીબેન ચતુરદાસ (દુર્ગા મીકેનીક વર્કસ) એ શહેર–૨ પેટા વિભાગીય કચેરીનાં ગ્રાહક છે, તેમનો ગ્રાહક નં.૭૨૬૦૧/૦૦૧૦૨/૦ છે તેઓ NRGP કેટેગરીનું ઔદ્યોગીક કનેકશન ૧૫.૫ કીલોવોટનું ધરાવે છે. તેમનું કનેકશન રીલીઝ તા.૦૨.૦૬.૯૯ છે અને તેમનું કનેકશન પી.ડી.સી. તા.૧૦.૦૪.૧૯ છે.

૨.૨ પ્રભાવતીબેન ચતુરદાસ (દુર્ગા મીકેનીક વર્કસ) ને પ્રીમાઈસીસ બંધ હોવાથી ડીસેમ્બર–૧૭ થી માર્ચ–૧૮ એમ ચાર વીજબીલ લોક સ્ટેટસનાં આપેલ છે, જયારે એપ્રિલ–૧૮ માં પ્રિમાઈસીસ ખુલતા ખરેખર વપરાશ થયેલ ૬૦૫ યુનિટનું બીલ આપતા ગ્રાહકના લેજરમાં રૂા.૫૫૧૦.૦૦ જમા આપેલ છે.

૨.૩ દુર્ગા મીકેનીક વર્કસ ને મે–૧૮ થી નવેમ્બર–૧૮ સુધીનું ફીકસ ચાર્જનું બીલ આપવામાં આવેલ છે, જયારે ડીસેમ્બર–૧૮ અને જાન્યુઆરી–૧૯ માં પ્રીમાઈસીસ બંધ હોવાથી લોક સ્ટેટસનું એવરેજ બીલ આપવામાં આવેલ છે.

૨.૪ ફેબ્રુઆરી–૧૯ માં લોક ખુલતા ૪૫૫૨ ખરેખર યુનિટનું વીજબીલ રૂા.૨૪૯૧૯.૬૧ નું આપવામાં આવેલ છે. માર્ચ–૧૯ અને એપ્રિલ–૧૯ માં પ્રીમાઈસીસ બંધ હોવાથી લોક સ્ટેટસનું એવરેજ બીલ આપવામાં આવેલ છે.

૨.૫ મે–૧૯ માં પ્રીમાઈસીસ ખુલતા ખરેખર વપરાશ ૦ (ઝીરો) યુનિટનું બીલ બનતાં પ્રોવીઝનનાં બીલની રકમ રૂા.૧૫૦૯૭.૫૦ ગ્રાહકના લેજરમાં જમા આપેલ છે.

૨.૬ જુન–૧૯ અને સપ્ટેમ્બર–૧૯ સુધીનું ફીકસ ચાર્જનું બીલ આપવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૭ ઓક્ટોબર–૧૯ માં મીટર લેબમાં ખુલ્યા બાદ ખરેખર પેન્ડીગ ૧૮૬ યુનિટનું વીજબીલ ૨૪૪૫.૩૦ રૂપિયાનું બનાવેલ છે અને એલ.ટી. બીલીગમાં ઓક્ટોબર–૧૯ માં "X" કરેલ છે.

૨.૮ ગ્રાહકે પી.ડી.સી. ની અરજી તા.૦૮.૦૪.૧૯ ના રોજ આપ્યા બાદ જુન–૧૯ લીલ્ડ ઈન જુલાઈ–૧૯ થી ઓગસ્ટ–૧૯ બીલ્ડ ઈન સપ્ટેમ્બર–૧૯ સુધીના ત્રણ માસના રૂા.૨૯૦૨.૫ ગ્રાહકને સપ્લાય કોડનાં વિનીમય ૮.૮ મુજબ પરત મળવાપાત્ર થાય છે.

૨.૯ સદર કનેકશન ગ્રાહકનું કનેકશન ગ્રાહકની અરજીના આધારે પી.ડી.સી. કરેલ હોવાથી, નોટીફીકેશન ૯/૨૦૦૫ મુજબ ગ્રાહક પાસેથી રૂા. પી.ડી.સી. ચાર્જ પેટે રૂા.૫૦૦/– પીજીવીસીએલ ગ્રાહક પાસેથી વસુલવા હકકદાર છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર દુર્ગા મીકેનીક વર્કસનાં નામનું સુરેન્દ્રનગર શહેરમાં ૧૫.૫ KW નું NRGP ટેરીફ હેઠળ થ્રી ફેઈઝ વીજજોડાણ ગ્રાહક નં.૭૨૬૦૧/૦૦૧૦૨/૦ થી ધરાવે છે.

૩.૨ વાદીએ તા.૧૨.૦૩.૧૮ ના રોજ પ્રતિવાદીની કચેરીમાં તેઓનાં વીજજોડાણમાં કોઈ વપરાશ ન કરવાની પ્રતિવાદીની કચેરીને જાણ કરેલ.

૩.૩ વાદીનાં વીજજોડાણની જગ્યા બંધ રહેતી હોવાથી ડીસે.–૧૭ થી માર્ચ–'૧૮ સુધીના વીજબીલ લોક સ્ટેટસ કરીને આપવામાં આવેલ અને એપ્રિલ–૧૮ નાં માસ દરમ્યાન વાદીની પ્રીમાઈસીસ ખુલતાં વાદીને તેમના મીટરમાં થયેલ ૬૦૫ યુનીટની વીજ વપરાશની નોંધ મુજબ બીલ આપવામાં આવેલ. ત્યારબાદ મે–૧૮ થી ઓકટો–૧૮ સુધી વાદીનાં વીજપરાશમાં '૦' નોંધ થતી હતી, અને ડીસે.–૧૮ થી જાન્યુ.–૧૯ દરમ્યાન લોક સ્ટેટસ હોવાથી ૫૯૦ યુનીટનું એવરેજ બીલ આપવામાં આવેલ.

૩.૪ ફેબ્રુ.–૧૯ ના રોજ વાદીની પ્રીમાઈસીસ પર મીટર રીડીગ લેતાં જુના રીડીગ ૧૦૦૫૯૫ અને નવા રીડીગ ૧૦૫૧૪૭ મુજબ ૪૫૫૨ યુનીટની વીજવપરાશ જોવા મળેલ જેથી પ્રતિવાદીએ વાદીને ૪૫૫૨ યુનીટની વીજ વપરાશનું બીલ આપેલ, જેની સામે વાદીએ ફોરમને રજુઆત કરેલ છે.

૩.૫ પ્રતિવાદી દવારા વાદીનું બીલ આપતાં સમયે અગાઉનાં લોક સ્ટેટસ દરમ્યાન આપેલ એવરેજ બીલ એડજસ્ટ કરવામાં આવેલ છે.

૩.૬ ત્યારબાદ પ્રતિવાદીએ વાદીનું વીજજોડાણ તા.૧૦.૦૪.૧૯ ના રોજ કાયમી ધોરણે રદ કરેલ.

૩.૭ પ્રતિવાદીએ ફોરમ સમક્ષ રજુ કરેલ MRI ડેટા અને બીલીગ MRI રીપોર્ટનાં બીલીગ રીપોર્ટ મુજબ વાદીનાં વીજ સ્થાપનમાં દર માસે નિયમીત વીજ વપરાશની નોંધ જોવા મળેલ છે. તેમજ તા.૨૫.૦૩.૧૯ ના રોજ MRI રીપોર્ટ મુજબ વાદીનાં વીજ સ્થાપન પરનું રીડીગ ૧૦૫૫૩૩.૫૦ છે જે પ્રતિવાદીએ વાદીને આપેલ છેલ્લા વીજબીલનાં રીડીગ સાથે મેચ થાય છે. આમ, વાદીની ફોરમને રજુઆત છે કે તેઓની વીજ વપરાશ ન હતી, જે માનવા માટે કોઈ પુરાવા નથી જયારે MRI રીપોર્ટ મુજબ વાદીની વીજ વપરાશ નિયમીત રીતે મીટરમાં નોંધ થયેલ છે. આથી વાદીને આપવામાં આવેલ જાન્યુ બીલ્ડ ઈન ફેબ્રુ.–૧૯ નું ૪૫૫૨ યુનીટનું બીલ યોગ્ય છે અને જે વાદીએ ભરવાપાત્ર છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
(પી. એન. આજકીયા)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :— **૧૭.૧૨.૨૦૧૯**